# ૨૫ ડિસેમ્બરથી નવજાત શિશુઓની આરોગ્ય રક્ષા માટે અટલ સ્નેહ યોજના

## શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમનો ગાંધીનગરથી રાજ્યવ્યાપી પ્રારંભ

ગાંધીનગર, તા. ૨૧

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ રાજ્યવ્યાપી શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમનો પ્રારંભ કરાવતાં નવજાત શિશુઓની આરોગ્ય રક્ષાની મહત્વપૂર્ણ સંભાળ લેતી અટલ સ્નેહ (સ્ક્રીનીંગ ઓફ ન્યૂ બોર્ન ફોર એન્હાન્સમેન્ટ ઓફ હેલ્થ) યોજના જાહેર કરી છે.

પૂર્વ પ્રધાનમંત્રી અને વરિષ્ઠ અગ્રણી અટલબિહારી બાજપેયીજીના આગામી જન્મદિન ૨૫મી ડિસેમ્બરથી આ આરોગ્યરક્ષા યોજના અટલ સ્નેહ નામાભિધાન સાથે રાજ્યમાં અમલી બનશે તેમ તેમણે ઉમેર્યુ હતું.

વિજયભાઈ રૂપાણીએ સ્પષ્ટપણે જણાવ્યું કે શાળા આરોગ્ય કાર્યક્રમ તહેત શાળાએ જતા બાળકોની આરોગ્ય તપાસ-સુખાકારી, મા વાત્સલ્યમ અમૃતમ દ્વારા ગરીબ-જરૂરતમંદ પરિવારોની આરોગ્યરક્ષા અને અટલ સ્નેહ દ્વારા નવજાત શિશુની આરોગ્ય ચિંતા કરીને આ સંવેદનશીલ સરકાર સૌ સાડા ૬ કરોડ ગુજરાતીઓના આરોગ્ય સુખાકારી-નિરામય-તંદુરસ્ત જીવન માટે કૃતસંકલ્પ છે.

મુખ્યમંત્રીએ કહ્યું કે, ગુજરાતની ઉજ્જવળ આવતીકાલ સમાન બાળક તંદુરસ્ત-સ્વસ્થ રહે તેની ગંભીર બિમારીઓનું નિદાન અને ઈલાજ રાજ્ય સરકાર શ્રેષ્ઠ તબીબી સુવિધાઓથી કરાવે તે માટેનો આ સેવાયજ્ઞ શાળા આરોગ્ય કાર્યક્રમ દ્વારા સરકારે ઉપાડયો છે. ૪ લાખથી વધુ આરોગ્ય કર્મીઓ દોઢ કરોડ બાળકોની આરોગ્ય તપાસણીનું આ ભગીરથ કાર્ય પાર પાડવાના છે. તેમણે માત્ર શાળાએ જતાં બાળકો જ નહિ, નવજાત શિશુઓના આરોગ્યની માવજત માટે પણ આ સરકાર સંવેદનશીલતા સાથે પડખે ઊભી છે તેની પ્રતીતિરૂપ અટલ સ્નેહ યોજનાની વિશદ ભૂમિકા આપી હતી.



વિજયભાઈ રૂપાણીએ ઉમેર્યુ કે, ન્યુરલ ટયુબ ડીફેકટસ, કલેફટ લીપ અને પેલેટ, કલ્બ ફુટ, ડેવલોપમેન્ટલ ડીસપ્લાઝીયા ઓફ હીપ, કન્જનાઈટલ કેટેરેકટ, કન્જનાઈટલ ડેફનેસ, કન્જનાઈટલ હાર્ટ ડીસીઝ, રેટીનોપેથી ઓફ પ્રીમેચ્યોરીટી, ડાઉન્સ સિન્ડ્રોમ, અન્ય કોઈ નોંધપાત્ર ખોડ-ખાંપણ જેવી જન્મજાત ખામી ધરાવતા નવજાત શિશુનું પરિક્ષણ-તપાસ રાજ્યમાં દરેક સરકારી અથવા ખાનગી પ્રસ્તુતિગૃહમાં કરવામાં આવશે. આ માટે તબીબો ઉપરાંત ફિમેલ હેલ્થવર્કર, આશા વર્કર અને રાષ્ટ્રિય બાળ સુરક્ષા કાર્યક્રમની ટિમની સેવાઓ લેવામાં આવશે. તેમણે કહ્યું કે, આવા જન્મજાત ખામીથી પ્રભાવિત બાળકનું નિયમીત ફોલોઅપ સંબંધિત મેડીકલ ઓફિસર અને ફિમેલ હેલ્થ વર્કર મારફત કરવામાં આવશે.

અતિગંભીર સ્થિતી ધરાવતા નવજાત બાળકને તાત્કાલિક ધોરણે તબીબી અધિકારીની સલાહ મુજબ યોગ્ય સારવાર માટે રિફર કરવાની તથા સંપૂર્ણ સ્વસ્થ થયા પછી બાળકને સ્થાનિક કક્ષાએ રિફર કરવાની બાબત પણ આ યોજનામાં આવરી લેવાઈ છે.





મુખ્યમંત્રીએ જણાવ્યું કે, બાળકો એ ઈશ્વર સ્વરૂપ છે-પ્રભૂના પૂષ્પો છે તેને નિરોગી-તંદુરસ્ત-સ્વસ્થ બનાવવાનો આ સેવાયજ્ઞ જનસેવાનું અદકેરૂં અભિયાન છે. આજનું બાળક આવતીકાલના સશકત-સક્ષમ રાષ્ટ્ર-રાજ્યનું નિર્માતા છે તેથી બચપણથી જ તે સ્વસ્થ-મસ્ત રહે, વિકાસ રૂંધાય નહિં એવી નેમ સાથે આ રાજ્યવ્યાપી શાળા આરોગ્ય કાર્યક્રમ શરૂ કર્યો છે.

વિજયભાઈ રૂપાણીએ આ અવસરે રાજ્યના આરોગ્ય વિભાગની ૨૫ નવી એમ્બ્યુલન્સ વાનને પ્રસ્થાન કરાવ્યું હતું.

આ સંદર્ભમાં તેમણે કહ્યું કે, છેવાડાના-ગરીબ-વંચિત-પીડિત દરેકને જરૂરિયાતના સમયે તત્કાલ એમ્બ્યુલન્સ સેવા પૂરી પાડતી ૧૦૮ સેવાઓની સફળતાને પગલે હવે ગોલ્ડન અવર્સમાં માનવજિંદગી બચાવી શકાય તે માટે એર એમ્બ્યુલન્સની દિશામાં રાજ્ય સરકાર વિચારાધિન છે.

શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહજી ચુડાસમાએ આ આરોગ્ય સેવા અભિયાનને માનવતાવાદી અભિગમ તરીકે દર્શાવી જણાવ્યું હતું કે, રાજ્યના સંવેદનશીલ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ માત્ર બે જ માસમાં ૧૦૦થી વધુ ગરીબલક્ષી નિર્ણયો કર્યા છે.

આરોગ્ય રાજ્યમંત્રી શંકરભાઈ ચૌધરીએ શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમને સંવેદનાશીલ અભિયાન ગણાવતા કહ્યું કે, રાજ્યમાં જન્મજાત મૂકબધિર બાળકોને કોકલીયર ઈમ્પાલન્ટ ઓપરેશન બાદ અપાતી સ્પીચ થેરાપીની તમામ સારવારનો ખર્ચ રાજ્ય સરકાર ભોગવશે.

આરોગ્ય કમિશનર અને અગ્ર સચિવશ્રી આરોગ્ય જે. પી. ગુપ્તાએ શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમની વિગતો આપતા કહ્યું કે, આ કાર્યક્રમ રાજ્યની ૩૦ હજારથી વધુ શાળાઓમાં ૪ લાખથી વધુ આરોગ્યકર્મીઓ રાજ્યના ૧.૫ કરોડથી વધુ બાળકોની તપાસ કરશે.

## હરિની દ્રષ્ટિ... - હરિન ભટ્ટ




**મિત્રો, આપણી મીટીંગનો એજન્ડા એ છે કે, આપણે આપણું મનોબળ આલીયા-માલીયા જેવું રાખી વિદેશ જવાનું વિચારવું નહિ... કોઈને કોઈ રસ્તો જરૂર નીકળી આવશે....!**

# ‘શ્રી વાજપાઈ બેંકેબલ યોજના’ હેઠળ અપાતી ધિરાણની રકમમાં વધારો : ૮ લાખ અપાશે

ગાંધીનગર, તા. ૨૧

ઉદ્યોગ અને ખાણ વિભાગના એક ઠરાવમાં જણાવ્યા મુજબ રાજ્યના શહેરી અને ગ્રામ્ય વિસ્તારોના શિક્ષિત બેરોજગાર યુવાનો અને યુવતીઓને સ્વરોજગારી પુરી પાડવા બેંક મારફતે ધિરાણ માટે ‘શ્રી વાજપાઈ બેંકેબલ યોજના’ અંતર્ગત ઉદ્યોગ, સેવા અને વેપાર ક્ષેત્રે મળવાપાત્ર ધિરાણની મહત્તમ મર્યાદા રૂા.૬ લાખથી વધારીને રૂા.૮ લાખ કરવામાં આવી છે.

ઠરાવમાં વધુમાં જણાવ્યાનુસાર શ્રી વાજપાઈ બેંકેબલ યોજના અંતર્ગત ઉદ્યોગ, સેવા અને વેપાર ક્ષેત્રે મળવાપાત્ર ધિરાણની મહત્તમ મર્યાદા રૂા.૮ લાખ કરવામાં આવી છે. જેમાં સેવા ક્ષેત્રના વ્યવસાય માટે શહેરી અને ગ્રામ્યના જનરલ, એસ.સી., એસ.ટી., માજી સૈનિક, મહિલાઓ અને ૪૦ ટકા કે તેથી વધુ અંધ-અપંગને અપાતા ધિરાણ મર્યાદા ૬ લાખથી વધારી ૮ લાખ કરવામાં આવી છે. તે જ રીતે વેપાર ક્ષેત્રના વ્યવસાય માટે શહેરી અને ગ્રામ્યના જનરલ, એસ.સી., એસ.ટી., માજી સૈનિક, મહિલાઓ અને ૪૦ ટકા કે તેથી વધુ અંધ-અપંગને અપાતી ધિરાણ મર્યાદા ૩ લાખથી વધારીને ૮ લાખ કરવામાં આવી છે.

આ યોજના હેઠળ ધિરાણ ઉપર સબસીડી(સહાય)ના ધોરણો યથાવત રહેશે. તદ્ઉપરાંત અંધ-અપંગ લાભાર્થીના કિસ્સામાં મહત્તમ સહાય ૧,૨૫,૦૦૦ની મર્યાદમાં મળવાપાત્ર થશે, તેમ પણ ઠરાવમાં વધુમાં જણાવાયું છે.



## માણસાના વતની અને વિધાનસભા અધ્યક્ષના નિવૃત સચિવનો અભિવાદન સમારંભ યોજાયો

માણસા શહેરના વતની અને ગુજરાત વિધાનસભામાં ૧૯૮૦ થી જોડાઈ સતત ૩૬ વર્ષ સુધી કોઈ પણ પક્ષની સરકાર હોઈ તેના અધ્યક્ષના અંગત સચિવ તરીકેની કામગીરી બજાવી દિનેશભાઈ કાન્તીલાલ વ્યાસ કે જેઓએ ૩૧/૧૦/૨૦૧૬ના રોજ સ્વૈચ્છીક નિવૃતી સ્વિકારી પહેલે થી જ સેવાકીય પ્રવૃતિનો વિચાર ધરાવતા હોઈ અને છેલ્લા દસ વર્ષથી પોતાના માદરે વતન માણસામાં પણ અનેક વિધ સેવાકીય પ્રવૃતિઓથી ધમધમતી એવી આનંદી માના વડલા તરીકે પ્રખ્યાત વિઘ્નેશ્વરી ધામ ખાતે તેમની પ્રવૃતિઓથી પ્રેરાઈ ને માણસા શહેરના સર્વે સમાજે તેમજ શહેરની અને આસપાસની વિવિધ સંસ્થાઓ, એશોસિએશનો તેમજ ધાર્મિક સંસ્થાઓ દ્વારા તેમને બીરદાવવા અને તેમનું આગળનું જીવન આવી જ સેવાકીય પ્રવૃતિઓથી સતત સારી રીતે ચાલતુ રહે તે માટે તેમના અભિવાદન સમારંભનું આયોજન કરવામાં આવ્યુ હતુ. જેમાં સમારોહના અધ્યક્ષ તરીકે ભાજપના ગુજરાત પ્રદેશ પ્રમુખ જીતુભાઈ વાઘાણી ઉપસ્થિત રહ્યા હતા.

## શહેરની હોસ્પિટલમાં લેબમાંથી સેમ્પલ ગુમ થવા અંગે તપાસ કરવાની આરોગ્યમંત્રીએ આશ્વાસન આપ્યુ

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં આજે શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમના પ્રારંભ સમયે પત્રકારે ગાંધીનગર સિવિલ હોસ્પિટલની લેબોરેટરીમાંથી દર્દીઓના સેમ્પલ ગુમ થવા અંગે અને રિપોર્ટ અંગેના પુછેલા પ્રશ્નના જવાબમાં આરોગ્ય મંત્રી શંકરભાઈ ચૌધરીએ આશ્વાસન આપી જણાવ્યું હતું કે ગાંધીનગર શહેરની હોસ્પિટલની સિસ્ટમમાં આગામી સમયમાં જરૂરી ફેરફારો કરવામાં આવશે તેમજ લેબમાં બેદરકારી રીતે ફરજ બજાવતા કર્મચારીઓ સામે પણ તપાસ કરવામાં આવશે અને જવાબદાર સામે કડક પગલા ભરવામાં આવશે.

# જિલ્લામાં સહાયક/જુના શિક્ષકની કેન્દ્રીયકૃત ભરતી માટે સ્થળ પસંદગી કેમ્પ

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર જિલ્લાની બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શિક્ષક સહાયક/જુના શિક્ષકની ભરતી કરવા ૧૨મી એપ્રિલ-૨૦૧૬ના રોજ જાહેરાત કરવામાં આવી હતી. જે અનુસંધાને જે ઉમેદવારોને મેરીટના આધારે ગાંધીનગર જિલ્લાની ફાળવણી કરવામાં આવી છે. તેવા ઉમેદવારો માટે સ્થળ પસંદગી કેમ્પનું આયોજન તા. ૨૩ અને ૨૪ મી નવેમ્બર, ૨૦૧૬ના રોજ કરવામાં આવ્યું છે.

જેમાં ૨૩મી નવેમ્બર, ૨૦૧૬ના રોજ ઉચ્ચતર માધ્યમિક શિક્ષકો માટે સ્થળ પસંદગીનો કેમ્પ અને ૨૪મી નવેમ્બર, ૨૦૧૬ના રોજ માધ્યમિક શિક્ષકો માટેનો સ્થળ પસંદગીનો કેમ્પ યોજાશે. આ બન્ને કેમ્પ સવારના ૯ કલાકે સ્વામી વિવેકાનંદ વિદ્યાવિહાર, સેકટર-૧૨, ગાંધીનગર ખાતે યોજાશે. આ કેમ્પમાં ઉમેદવારોએ ઓનલાઈન અરજીમાં દર્શાવેલ તમામ અસલ પ્રમાણપત્રો તેમજ તેની પ્રમાણિત ઝેરોક્ષ નકલ, ઓનલાઈન ફોર્મની નકલ તેમજ સોંગદનામુ, આધાર-પુરાવા સાથે હાજર રહેવા જિલ્લા શિક્ષણાધિકારી એમ.એસ.બારડે જણાવ્યું છે.

# ગાંધીનગર હોસ્પિટલમાં ફાર્માસિસ્ટની ઘટ

ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં છેલ્લા કેટલાય સમયથી ફાર્માસીસ્ટની ઘટ છે તે હજુ તંત્ર દ્વારા પુરાતી નથી. ત્યારે હોસ્પિટલમાં હતા તેમાથી પણ બે ફાર્માસીસ્ટમાં એક ને બદલી સાથે બઢતી અને એક કર્મચારીને આરોગ્ય વિભાગમાં બદલી થઈ જતા હોસ્પિટલમાં ઘટ સર્જાઈ છે. ત્યારે તંત્ર દવાની બારીઓ બનાવીને હોસ્પિટલનો વિકાસ કરવા જઈ રહ્યું છે ત્યારે વિકાસ માત્ર બારીઓ તૈયાર કરવાથી નહી થાય. હોસ્પિટલમાં દવાબારીઓ પર લાંબી લાઈનો લાગે છે. દુરથી આવતા દર્દીઓ દવા લીધા વિના ઘરે પરત ફરે છે ત્યારે તંત્ર દ્વારા ફાર્માસીસ્ટની જગ્યા સત્વરે ભરવામાં આવે તેવી લોકમાંગ ઉઠવા પામી છે. ત્યારે મેડીકલ કોલેજ સંચાલિત હોસ્પિટલમાં જોઈએ તેટલા ફાર્માસીસ્ટ તો છે નહી પરંતુ તેમાંથી પણ ઓછા થતા હોસ્પિટલમાં દવા લેવા આવતા નાગરીકોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે.

ગુજરાત મેડીકલ એજ્યુકેશન એન્ડ રિસર્ચ સોસાયટી દ્વારા સંચાલિત હોસ્પિટલમાં દર્દીઓનો ભારે ધસારો જોવા મળી રહ્યા છે. રોજના હજજારો દર્દીઓ વિવિધ રોગની સારવાર માટે આવે છે. ગાંધીનગર જિલ્લાની પ્રજા માટે હોસ્પિટલ આશિર્વાદરુપ સાબિત થઈ રહી છે. ૬૦૦ દર્દીઓને સારવાર આપી શકે તેવી ક્ષમતા ધરાવતી અને પાંચ માળની અતિ આધુનિક ઓપીડી ધરાવતી હોસ્પિટલમાં દવાની બારીઓ આગળ કેરોસીન જેવી લાઈનો લાગે છે. તંત્ર દ્વારા બારીઓ વધારવામાં આવી છે પરંતુ હોસ્પિટલમાં જોઈએ તેટલો ફાર્માસીસ્ટનો સ્ટાફ જ ન હોવાથી દર્દીઓ અને સ્વજનોને ભારે તકલીફનો સામનો કરવો પડી રહ્યો છે. હોસ્પિટલમાં માત્ર ૧૦ ફાર્માસીસ્ટ હતા તેમાથી પણ બે કર્મચારીઓ જતા રહેતા ૮ થી કામ ચલાવવુ પડે તેવી સ્થિતિ ઉભી થઈ છે. એક કર્મચારીની બઢતી સાથે મહેસાણા બદલી અને એક કર્મચારી આરોગ્ય વિભાગમાં બદલી થતા હાજર કર્મીઓ પર વધુ બોજ પડે છે ત્યારે તંત્ર દ્વાર છેલ્લા ઘણા સમયથી બે ફાર્માસીસ્ટ ડેપ્યુટેશન પર ઓરોગ્ય વિભાગમાં ફરજ બજાવે છે. તેઓને તંત્ર દ્વારા પરત હોસ્પિટલમાં લાવવામાં આવે તો જગ્યા હાલ પુરતી પુરાય તેમ છે. ત્યારે મેડીકલ કોલેજ હોસ્પિટલમાં દવાનો સ્ટોર પણ હવે દવા મુકવા માટે પણ નાનો પડી રહ્યો છે. એમસીઆઈની ગાઈડ લાઈન મુજબ જેટલા કર્મચારીઓ જોઈએ તેટલા તો છે નહી તેમાથી પણ ઓછા થતા જાય છે. ત્યારે આગામી ટુંક સમયમાં ઈન્સ્પેકશન આવશે તે સમય પહેલા હોસ્પિટલમાં ફાર્માસીસ્ટની ઘટ પુરાય તો દર્દીઓને પણ લાંબી લાઈનોમાંથી છુટકારો મળી શકે તેમ છે. દવાની બારી વધુ કરવાની જગ્યાએ સ્ટાફમાં વધારો કરવામાં આવે તો સૌને સરળતાથી દવા ઉપ્લબધ થઈ શકે તેમ છે તેવું દર્દીઓ અને લાભાર્થીઓનું માનવું છે. ત્યારે આગામી સમયમાં જોવુ રહ્યું કે દવા બારી પર ફાર્માસીસ્ટ નવા આવે છે કે કેમ....





ભગવાન કાલભૈરવ જયંતિ નિમિત્તે વાવોલ ખાતે મહાકાલી મંદિરમાં ખાસ પૂજા - અર્ચનનું આયોજન કરાયું હતું તે પ્રસંગની તસવીર.

## નગરની કોર્મર્સ કોલેજના કેમ્પસમાં છેલ્લા ત્રણ મહીનાથી અંધારપટ્ટ

સે-૧૫ કોમર્સ કોલેજના સંકુલમાં છેલ્લા ત્રણ મહીનાથી લાઈટો ડુલ છે. સ્ટ્રીટ લાઈટો ડુલ હોવાથી સાંજ ઢળતા જ અંધારપટ્ટ છવાઈ જાય છે. હાલ યુનિવર્સિટીની પરીક્ષાઓના લીધે આનુસંગિક કાર્યવાહીઓમાં પણ અવરોધ ઉભો થાય છે. આવા સંજોગોમાં લાઈટો ડુલ રહેતા રાત્રિના સમયે અસામાજિક તત્વો અડ્ડો જમાવતા હોવાનો પણ સુર ઉઠવા પામ્યો છે. આ મામલે પાટનગર યોજના ભવનના સંબંધિત તંત્ર સમક્ષ રજુઆત કરવામાં આવી હોવાછતા કોઈ પગલા લેવાતા નથી.

શહેરની કોમર્સ કોલેજના કેમ્પસમાં છેલ્લા ત્રણ મહીનાથી લાઈટો ડુલ છે. શહેરમાં એકબાજુ એલ ઈ ડી લાઈટના પ્રોજેકટને અમલી બનાવવા માટે તંત્ર દ્વારા પુર્વતૈયારીઓ શરૂ કરી દેવાઈ છે. ત્યારે સેકટરોમાં હજુ કેટલાક ઠેકાણે લાઈટો ડુલ હોવાની ફરિયાદો ઉઠવા પામી છે. સેકટરોમાં સ્ટ્રીટ લાઈટો વારંવાર ડુલ થતી હોવાથી તંત્ર દ્વારા દિવાળી પુર્વે સર્વે હાથ ધરી જરૂરી કામ હાથ ધરવામાં આવ્યુ હતુ. બીજીતરફ નગરની શૈક્ષણિક સંકુલોની આસપાસના વિસ્તારમાં પણ ઘણીવાર સ્ટ્રીટ લાઈટો ડુલ રહેતી હોવાની ફરિયાદો ઉઠવા પામે છે. નગરની કોમર્સ કોલજના કેમ્પસમાં છેલ્લા ત્રણ મહીનાથી લાઈટો ડુલ છે. જેના પરિણામે સિક્યુરીટી સ્ટાફના સભ્યોએ પણ હાલાકી વેઠવાનો વારો આવ્યો છે. વળી હાલ યુનિવર્સિટીની કસોટીઓનુ આયોજન કરવામાં આવ્યુ હોવાથી પરીક્ષાને આનુસંગિક કામગીરીમાં પણ ખલેલ પહોંચતી હોવાનો સુર ઉઠવા પામ્યો છે. આ મામલે પાટનગર યોજના વિભાગના તંત્ર સમક્ષ રજુઆતો કરવા છતા કોઈ પગલા લેવાતા નથી. અનેકવાર તંત્ર સમક્ષ રજુઆત કરવા છતા સ્ટ્રીટ લાઈટો ચાલુ થતી નથી. બીજીતરફ રાત્રિના સમયે અંધારપટ્ટથી ઘેરાયેલા કોલેજના સંકુલમાં તસ્કરી વૃતિ સક્રીય થવાનો ભય સતાવી રહયો છે. કોલેજના સંકુલમાં અસામાજિક તત્વો પણ ઘુસી જવાની દહેશત રહે છે. ત્યારે ત્વરિત અસરથી સ્ટ્રીટ લાઈટો ચાલુ કરવા માટે પ્રબળ માંગ ઉઠવા પામી છે.

# ભાજપ સરકાર જાહેરાતોને બદલે પ્રજાના આરોગ્ય માટે જાહેર હિતની ચિંતા કરે

જાહેરાતોમાં પ્રથમ નંબર મેળવનાર ભાજપ સરકારે બધી જાહેરાતોની જેમ જ જેનરીક દવાઓના બાવન સ્ટોર ઉભા કર્યા અને ભાષણ કર્યુ કે, બજાર કિંમત કરતા સસ્તા દરે ગુણવત્તાયુક્ત દવાઓ મળશે. ખુલ્લા મુકાયેલ જેનરીક દવાના સ્ટોરોમાં આઠ દિવસ થયા છતાં દવાઓ મળતી નથી. મુખ્યમંત્રીની દાવાબાજી-હવાબાજીની આકરી ઝાટકણી કાઢતા કોંગ્રેસના પ્રવક્તા ડૉ. મનિષ દોશીએ જણાવ્યુ કે, દવાઓ સસ્તી મળશે, દર્દીઓને રાહત થશે, ગુણવત્તાયુક્ત દવાઓ મળશે તેવા દાવા કરનાર ભાજપ શાસનમાં દર્દીઓના સગાવહાલા જ્યારે જેનરીક દવાના સ્ટોરમાં દવા ખરીદવા ગયા ત્યારે સિવિલ હોસ્પિટલ, વી.એસ. હોસ્પિટલ અને એલ.જી. હોસ્પિટલ જેવી મોટી હોસ્પિટલોમાં સ્ટોરમાંથી મોટા ભાગની જેનરીક દવા ઉપલબ્ધ નથી અને જે એક-બે દવા ઉપલબ્ધ હતી તેમાં તેની કિંમતનો ઉલ્લેખ ન હોવાથી દર્દીઓના પરિવારને વિલા મોંએ નિરાશ થઈને ફરીથી મોંઘી દવા ખરીદવાની ફરજ પડી. આઠ દિવસ કરતાં વધુ સમય થયો છતાં વ્યવસ્થા કરવામાં દવાનો જથ્થા ઉપલબ્ધ કરાવવામાં આરોગ્ય વિભાગ સંપૂર્ણ નિષ્ફળ ગયું છે. મુખ્યમંત્રીએ ઉદ્ઘાટન સમયે કરેલા દાવાઓ હકીકતમાં ફરી એક વખત હવાબાજી સાબિત થયા છે. મોટા ભાગે સરકારી હોસ્પિટલ અને કોર્પોરેશનની હોસ્પિટલોમાં ખરીદવામાં આવતી દવાઓમાં ઉંચી કિંમતે ખરીદી કરીને મોટા પાયે ભ્રષ્ટાચાર કરવામાં આવે છે.